અગાઉ કડક અમલ માટે રજૂઆતો થતી હતી પરંતુ હવે 'ઉલ્ટી ગંગા'

# કોટ વિસ્તારમાં અશાંતધારાનો કડક અમલ નહીં કરો

**કોટ** વિસ્તારમાં રહેતા પરિવારો મોટા થઈ રહ્યા છે, બીમારીમાં પણ નાણાંની જરૂરીયાત ઉભી થાય છે

**આ** સંજોગોમાં મિલકત વેચવી પડે તેમ છે પરંતુ અશાંતધારો નડી રહયો છે

**અશાંત** ધારાના અમલમાં છુટછાટ રાખવા માટે કલેકટરને રજૂઆત



સુરતઃ શહેરના કોટ વિસ્તારમાં અશાંતધારા અમલને લઈ હવે ખુલ્લો વિવાદ ઊભો થયો છે. સ્થાનિક રહીશોએ જણાવ્યું છે કે, અરજદારોના જણાવ્યા મુજબ કોટ વિસ્તારની ઘણી મિલકતો પેઢીઓથી તેમના કબજામાં છે અને મોટા ભાગના પરિવારો સંયુક્ત કુટુંબ પદ્ધતિમાં વસવાટ કરે છે. પરંતુ સમય જતાં કુટુંબનો વ્યાપ વધતાં એક જ મકાનમાં તમામ સભ્યોને સમાવવામાં મુશ્કેલી ઊભી થઈ છે. જગ્યા અભાવે દૈનિક જીવનમાં અસુવિધાઓ વધી રહી છે. પરિવારમાં યુવા સભ્યોનાં લગ્ન કરવાની વય થઈ ગઈ હોવા છતાં યોગ્ય રહેણાકની અછતને કારણે લગ્નમાં વિલંબ થતો હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

અરજદારો દ્વારા ઉલ્લેખ કરાયો છે કે કેટલાક પરિવારોમાં સભ્યોની બીમારીને કારણે તાત્કાલિક સારવાર માટે નાણાંની જરૂરિયાત છે.

આવી સ્થિતિમાં મિલકત વેચાણ જ એકમાત્ર વિકલ્પ બની રહ્યો છે. પરિવારના ભાઈઓ વચ્ચે ભાગલા પાડવા અને અલગ રહેવાની વ્યવસ્થા કરવા માટે પણ મિલકત વેચવાની ફરજ પડી રહી છે.

હાલની મિલકત વેચાણથી જ અન્યત્ર વિશાળ અને સુવિધાસભર મકાન ખરીદી શકાય તેમ હોવાનું રહીશોએ જણાવ્યું છે. સ્થાનિક રહીશોએ આજે પ્રાંત અધિકારીથી લઈને પોલીસ વિભાગ સુધી રજૂઆત કરી અશાંતધારા હેઠળ મિલકત વેચાણ માટે પરમિશન આપવામાં લવચીકતા દાખવવા માંગ કરી છે. રહીશોએ એવા આક્ષેપો પણ કર્યા છે કે, કેટલાક માલેતુજારો માટે અશાંતધારાનો કડક અમલ કરાતો નથી ત્યારે સામાન્ય જનને શા માટે ત્રાસ અપાય છે?

### લાગવગ ધરાવતા લોકો સામે અશાંતધારાનો કડક અમલ કરાતો નથી, કાયદો માત્ર સામાન્ય વ્યક્તિ માટે કેમ?

રહીશોએ જણાવ્યું છે કે, અશાંતધારામાં માલેતુજારો હોય છે ત્યારે ત્યારે મૌન અને સામાન્ય નાગરિકો સામે કડકાઈ જેવી સ્થિતિ જોવા મળે છે. મિલકતોમાં નોટિસ આપ્યા બાદ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. અશાંતધારાનો અમલ કરવો જ હોય તો તમામ માટે એકસરખો થવો જોઈએ. સામાન્ય પરિવારને મકાન વેચવાની જરૂરીયાત ઊભી થાય ત્યારે તેને મકાન વેચાણમાં હેરાનગતિ નહીં થાય તે જોવાની જવાબદારી પણ તંત્રની છે.

## શિક્ષણ સમિતિના પ્રવાસમાં ગેરવહીવટ, યુનિયનોએ કડક કાર્યવાહીની માંગ કરી

સુરતઃ સુરતમાંથી સર્વ શિક્ષા અભિયાન હેઠળ આયોજિત શૈક્ષણિક પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓને થયેલી ગેરવહીવટ સામે શિક્ષક યુનિયનોએ તીવ્ર રજૂઆત કરી છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે આયોજિત ધરમપુર-બરુમાળ-દાંડી પ્રવાસમાં અંધેર વહીવટના કારણે વિવાદ ઊભો થયો છે. પ્રવાસમાં વિદ્યાર્થીઓને સમયસર નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવ્યું ન હતું. સાંજે ચાર વાગ્યે જમવાનું અપાતાં અફરાતફરી સર્જાઈ હતી. આ મામલે બેદરકાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની કવાયત શરૂ કરાઈ છે. સાથે જ સુરત મહાનગર પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સર્વ શિક્ષા અભિયાનના એડિશનલ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટરને પત્ર લખી ભવિષ્યમાં પ્રવાસનું ગંભીરતાથી આયોજન કરવાની માંગ કરવામાં આવી છે.

### કાપોદ્રામાં બાલ્કનીમાંથી બહાર જ જતાં પટકાયેલા વૃદ્ધાનું મોત

સુરતઃ મૂળ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના વતની અને હાલ કાપોદ્રા વિસ્તારમાં ભગુરાજ સોસાયટીમાં ૭૫ વર્ષીય શારદાબેન રમણીકભાઈ બોરડ પુત્ર આકાશ સાથે રહેતા હતા. આકાશ કિરણ હોસ્પિટલમાં ડોક્ટર તરીકે ફરજ બજાવે છે. આજે સવારે શારદાબેન ઘરના પહેલા માળે કપડા સુકવતી વખતે બાલકનીમાંથી નીચે ડોકિયું કાઢતી વેળાએ શરીરનું સંતુલન ગુમાવી નીચે પટકાયા હતા. જેથી ઈજાગ્રસ્ત હાલતમાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા.

### પાંડેસરામાં યુવકનો ગાર્ડન પાસે ઝેરી દવા પી આપઘાત

સુરતઃ મૂળ ઓરિસ્સા ગંજામના વતની અને હાલ પાંડેસરા સ્વામિનારાયણ નગરમાં રહેતા ૪૪ વર્ષીય પવિત્રકુમાર સનાતન પ્રધાન ટેમ્પો ડ્રાઇવિંગ કરી પરિવારનું ભરણપોષણ કરતા હતા. ગત રજમીએ પવિત્રકુમારે પાંડેસરા ગણેશ નગર ગાર્ડન પાસે ઝેરી દવા પીધા બાદ મોબાઇલ ફોન પર મિત્રને જાણ કરી હતી. ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમનું ગઈકાલે રાત્રે તેમનું મોત નીપજ્યું હતું. પવિત્રકુમારે કયા કારણોસર આપઘાતનું પગલું ભર્યું તે હાલ અકબંધ રહ્યું છે.

### મોટા વરાછામાં નિર્માણાધીન બિલ્ડિંગના ૯ માળેથી પટકાતા શ્રમિકનું મોત

સુરતઃ મૂળ છત્તીસગઢના વતની અને હાલ મોટા વરાછા ખાતે આઇકોનિક લિબર્ટી નામની નવી બંધાતી બિલ્ડિંગમાં ૩૬ વર્ષીય સંતોષકુમાર મોહનલાલ શાહુ પરિવાર સાથે રહેતો હતો અને ત્યાં જ પ્લાસ્ટરનું કામ કરી પત્ની તેમજ ચાર પુત્રીનું ભરણપોષણ કરતો હતો. આજે બપોરે સંતોષકુમાર બિલ્ડિંગના ૯મા માળે પ્લાસ્ટરનું કામ કરતી વખતે નીચે પટકાતા ગંભીર ઈજાને પગલે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો.

### સુરતની બસ સેવાને અમદાવાદ જેવી હાઈટેક બનાવવા રજૂઆત

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત બસ સેવાને અમદાવાદ જેવી હાઈટેક બનાવવા માટે સુરત શિક્ષણ સમિતિના સભ્ય અને પૂર્વ કોર્પોરેટર વિનોદકુમાર ગજેરા દ્વારા મનપા કમિશનર એમ. નાગરાજનને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

## સુમતિ સિલ્વરના યતીનકુમાર શાહનાં જામીન નામંજૂર

**૧૭** કરોડના જીએસટી ચોરીમાં આરોપી યતીનકુમારની ધરપકડ કરવામાં આવી હતી

સુરતઃ મેસર્સ સુમતિ સિલ્વરના યતીનકુમાર સુમતિલાલ શાહની જામીનઅરજી ચીફ કોર્ટે ફગાવી દીધી હતી. તાજેતરમાં ડીજીજીઆઈ દ્વારા B2B તેમજ B2C સપ્લાય તરીકે ચાંદી અને સોનાનાં આભૂષણો, સિક્કા, અન્ય વસ્તુઓ સપ્લાય કરતી મેસર્સ સુમતિ સિલ્વરના યતીનકુમાર સુમતિલાલ શાહની ૧૭ કરોડના જીએસટી ચોરીમાં ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં યતીનકુમાર સુમતિલાલ શાહે ચીફ કોર્ટમાં જામીનઅરજી રજૂ કરી હતી. ડીજીજીઆઈ તરફે ખાસ સરકારી વકીલ ઈમરાન મલેકે દલીલ કરી હતી કે, આરોપીએ રૂપિયા છસ્સો છ કરોડનો માલ બિલ વિના વેચાણ કર્યો છે. બિલો જી.એસ.ટી.માં અપલોડ નહીં કરી અંદાજે ૧૭ કરોડની જી.એસ.ટી. ચોરી કર્યાનો આક્ષેપ છે. આરોપી વિરુદ્ધ ઈકોનોમિક પ્રકારનો ગુનો નોંધાયેલો છે, આક્ષેપિત ગુનો કોગ્નિઝેબલ અને બિનજામીનલાયક છે તથા હાલમાં તપાસ ચાલુ છે. જેથી આરોપીની જામીનઅરજી નામંજૂર કરવા વિનંતી કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે, આરોપી વિરુદ્ધ પ્રથમ દર્શનીય ગુનો બનતો હોય તથા તપાસ મહત્ત્વના તબક્કામાં છે. જેથી આરોપીને જામીનમુક્ત કરવામાં આવે તો પુરાવા સાથે ચેડાં થઈ શકે તેમ હોય ન્યાયના હિતમાં જામીનઅરજી રદ કરવાનો હુકમ કર્યો હતો.

# પુસ્તક મેળામાં ગરમી વચ્ચે પીવાના પાણી માટે બૂમરાણ

**તો શું** લોકોએ પાણી પીવા મેયરના ઘરે જવું પડશે? સ્ટોલધારકનો વિડીયો વાયરલ

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા પાંચ વર્ષના લાંબા વિરામ બાદ આયોજિત પુસ્તક મેળો ઉદ્ઘાટનના દિવસે જ વિવાદોના વંટોળમાં ફસાયો છે. 22 મી ફેબ્રુઆરીના રોજ મુખ્યમંત્રીના આગમનને પગલે તંત્ર દ્વારા લાદવામાં આવેલા આકરા પ્રતિબંધોને કારણે મુલાકાતીઓ અને સ્ટોલ ધારકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. બપોર સુધી મુખ્યમંત્રીનો કાર્યક્રમ પૂર્ણ ન થયો ત્યાં સુધી સ્ટોલ ધારકોને સામાન લઈ જવા દેવામાં આવ્યો ન હતો, જેના કારણે વ્યવસ્થા ખોરવાઈ હતી. ખાસ કરીને ગરમીના પારા વચ્ચે પુસ્તક મેળામાં પીવાના પાણી માટે લોકોએ વલખા મારવા પડ્યા હતા. તંત્ર દ્વારા માત્ર 25 લિટરના બે કેરબા મૂકીને સંતોષ માની લેવાતા પાણી ખૂટી પડ્યું હતું અને લોકો તરસ્યા રહ્યા હતા. આ દરમિયાન ફૂડ સ્ટોલ ધારક અક્ષય દેસાઈને પાણીની બોટલ વેચવા પર પણ પ્રતિબંધ હોવાથી સ્થિતિ વધુ વણસી હતી, જે અંગેનો તેમનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

વાયરલ વિડીયોમાં સ્ટોલ ધારક અક્ષય દેસાઈએ આકરા પ્રહાર કરતા જણાવી રહ્યા છે કે જો લોકો ટેક્સ ભરતા હોવા છતાં મનપા પાણીની વ્યવસ્થા ન કરી શકતી હોય તો શું લોકોએ પાણી પીવા મેયરના ઘરે જવું પડશે? એક તરફ પાણીની બોટલો વેચવા પર પ્રતિબંધ અને બીજી તરફ મફત પાણીની યોગ્ય વ્યવસ્થાના અભાવે લોકોમાં તંત્ર પ્રત્યે ભારે નારાજગી જોવા મળી હતી. જોકે, મામલો ગરમાતા અંતે મોડી સાંજે મનપા તંત્ર જાગ્યું હતું અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

પુસ્તક મેળાના આયોજનના સમયને લઈને પણ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અગાઉના વર્ષોમાં શિયાળાની ગુલાબી ઠંડીમાં યોજાતો આ મેળો આ વખતે કાળઝાળ ગરમીમાં યોજીને મનપાએ પોતાની બુદ્ધિનું પ્રદર્શન કર્યું હોવાની ચર્ચાઓ જાગી છે. જેથી પુસ્તકમેળામાં કરોડો રૂપિયાનું આંધણ કરવા પછી પણ પુસ્તકમેળાને સારો પ્રતિસાદ મળી રહ્યો નથી.

# પુસ્તક મેળામાં બાઈબલના વિતરણનો સ્ટોલ બંધ કરાવાયો

**ધાર્મિક** ગ્રંથો આપીને ધર્મપ્રચાર અને ધર્માંતરણનો આડકતરો પ્રયાસનો આરોપ

**મુદ્દો** સમગ્ર શહેરમાં ચર્ચાનો વિષય બન્યો, મનપાના આયોજન પર સવાલ

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા પાંચ વર્ષના લાંબા અંતરાલ બાદ આયોજિત પુસ્તક મેળો એક પછી એક વિવાદોના વંટોળમાં ફસાઈ રહ્યો છે. પીવાના પાણીની અસુવિધા બાદ હવે આ મેળો ધર્મપ્રચારના કેન્દ્ર તરીકે ઉભરી આવતા મોટો વિવાદ થયો છે. સાહિત્ય પ્રેમીઓ અને વાચકો માટે યોજાયેલા આ મંચ પર કેટલાક સ્ટોલ ધારકો દ્વારા ચોક્કસ ધર્મનો પ્રચાર કરવામાં આવતો હોવાની ગંભીર ફરિયાદો ઉઠતા તંત્ર દોડતું થયું છે. મળતી માહિતી મુજબ, મેળામાં એક સ્ટોલ પરથી બાઈબલનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું હતું, જેને લઈને મુલાકાતીઓએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. આરોપ લગાવવામાં આવ્યો છે કે પુસ્તક મેળાના બહાને મફતમાં ધાર્મિક ગ્રંથો આપીને લોકોમાં ધર્મપ્રચાર અને ધર્માંતરણનો આડકતરો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે પુસ્તક મેળાના મૂળ હેતુની વિરુદ્ધ છે.

આ મામલે મનપાને લેખિત અને મૌખિક ફરિયાદો મળતા મામલો ગરમાયો હતો. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ સામે આવી હતી અને મનપાએ અગાઉ જ સ્પષ્ટ સૂચના આપી હતી કે આ મંચનો ઉપયોગ માત્ર સાહિત્યિક પ્રવૃત્તિઓ માટે જ કરવો. તેમ છતાં, મનપાની કડક સૂચનાઓનો ઉલાળિયો કરીને ધર્મપ્રચાર ચાલુ રાખવામાં આવતા આખરે તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. મનપાના અધિકારીઓએ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી અને વિવાદિત સ્ટોલને બંધ કરાવવાની તજવીજ શરૂ કરી દીધી છે. સાહિત્યપ્રેમીઓએ પણ આ અંગે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જ્ઞાન અને વાંચન સંસ્કૃતિના આ પવિત્ર મંચને ધાર્મિક વિવાદોથી દૂર રાખવો જોઈએ. હાલમાં આ મુદ્દો સમગ્ર શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે અને મનપાના આયોજન પર ફરી એકવાર સવાલો ઉઠી રહ્યા છે.

## ક્વોશિંગ માટે ગજેરાને સુપ્રીમમાંથી ૧૫ દિવસની રાહત

**સુપ્રીમ** કોર્ટમાં અશોક ગજેરાએ ફરિયાદ સામે પિટિશન દાખલ કરી હતી

સુરતઃ ગુજરાત હાઈકોર્ટે આપેલા આદેશને પગલે ગજેરાબંધુ વસંત ગજેરા, અશોક ગજેરા અને રાકેશ ગજેરાની સામે સુરત પોલીસે ફરિયાદ દાખલ કરતાં આ કેસમાં અશોકભાઇ હરિભાઇ ગજેરાએ હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે અશોક ગજેરા સામેની ફરિયાદમાં પોલીસ ધરપકડ જેવી કાર્યવાહી 15 દિવસ નહીં કરવા માટે આદેશ કર્યો હોવાની જાણકારી વકીલ કલ્પેશભાઈ દેસાઈએ આપી હતી. આ કેસમાં ફરિયાદી પ્રવીણ દેવકીનંદન અગ્રવાલની ફરિયાદ અનુસાર તેઓ 'શાંતિ રેસિડેન્સીસ પ્રા.લિ.'માં 43% હિસ્સો ધરાવે છે. ગજેરાબંધુએ આ કંપનીની મિલકતો બજાર ભાવે વેચી માત્ર જંત્રી મુજબની નોમિનલ રકમ કંપનીના ચોપડે બતાવી બાકીના કરોડો રૂપિયાની ઉચાપત કરી છે. આ રકમ હવાલા મારફતે હોંગકોંગ મોકલી ત્યાંથી રાકેશ ગજેરાને 'ફોરેન ઈન્વેસ્ટર' તરીકે દર્શાવી ફરી ભારતમાં લાવી મની લોન્ડરિંગ કરવામાં આવ્યું હોવાનો ગંભીર આક્ષેપ છે. આ કેસમાં હાઈકોર્ટનાં નિર્દેશ બાદ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેથી આ કેસમાં આરોપી અશોક ગજેરાએ સુપ્રીમ કોર્ટમાં પિટિશન દાખલ કરી હતી, જેમાં સુપ્રીમ કોર્ટે બે અઠવાડિયા સુધીના સમયગાળા માટે ધરપકડ જેવી કાર્યવાહી કરવામાં આવશે નહીંનો હુકમ કર્યો હતો.

## વેસુના કાપડ વેપારી સાથે રૂ. 44.41 લાખની છેતરપિંડી

**દિલ્હી-નોઈડાના** વેપારીએ 97.17 લાખનો માલ લઈ માત્ર 53 લાખ ચૂકવ્યા

સુરતઃ વેસુ વિસ્તારમાં રહેતા કાપડ વેપારી સાથે ઉત્તર પ્રદેશ અને દિલ્હીના વેપારીએ 97.17 લાખ રૂપિયાનો માલ ખરીદ્યા બાદ 44.14 લાખની રકમ ન ચૂકવતા વેપારીએ સારોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વેસુ નંદની-01 પાસે શ્રૃંગાર રેસિડન્સીમાં રહેતા રૂપેશકુમાર પ્રેમકુમાર સાધ (ઉ.વ.54) કાપડના વેપાર સાથે સંકળાયેલા છે. ફરિયાદ મુજબ, સંજીવકુમાર રામકિશન ગોએલ (પ્રોપરાયટર "રેઈનબો એંટરપ્રાઈઝ") એ રૂપેશકુમાર સાધનો સંપર્કમાં આવ્યા હતા. આરોપી સંજીવકુમાર ગોએલનું દુકાન નં. D-169, સેક્ટર-63, નોઈડા (ઉત્તરપ્રદેશ.), તેમજ દુકાન નં. 413, બીજો માળ, હવેલી હૈદર, કુલ્લી, ચાંદની ચોક, દિલ્હી અને નિવાસસ્થાન એચ-27, ત્રીજો માળ, અશોક વિહાર, દિલ્હી હોવાનું નોંધાયું છે. આરોપીએ ટુકડે-ટુકડે અલગ-અલગ બિલ દ્વારા કુલ રૂ. 97,17,695ની મત્તાનો કાપડનો માલ મંગાવ્યો હતો. આ સમયગાળા દરમિયાન કુલ રૂ. 52,58,967ની રકમ ચૂકવવામાં આવી હતી. કુલ રૂ. 52,76,296ની સમાયોજિત ચૂકવણી થયા બાદ પણ બાકી રહેલી રૂ. 44,41,399ની રકમ આજદિન સુધી ચૂકવવામાં આવી નથી. અનેકવાર ઉઘરાણી કરવા છતાં યોગ્ય જવાબ ન મળતા રૂપેશકુમાર સાધે સારોલી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપતા પોલીસે સંજીવકુમાર રામકિશન ગોએલ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિનીએ જાતે લેપટોપ પર પરીક્ષા આપી

**રાઈટર** વગર સ્વબળે ટાઈપ કરી ધોરણ-12ની પરીક્ષા આપી; સમગ્ર ગુજરાતમાં સતત ત્રીજા વર્ષે અનોખી સિદ્ધિ



સુરતઃ ડિજિટલ યુગમાં ટેકનોલોજી માત્ર સુવિધા નહીં, પરંતુ સશક્તિકરણનું શક્તિશાળી સાધન બની રહી છે. તેનું પ્રેરણાદાયક ઉદાહરણ સુરત શહેરની અંધજન શિક્ષણ મંડળ સંચાલિત પ્રજ્ઞાચક્ષુ ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થિની રુકસાર ઈકબાલ પીંજરીએ પૂરું પાડ્યું છે. ધોરણ-12 સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતી રુકસારે કોઈપણ રાઈટરની મદદ લીધા વિના, સ્વબળે લેપટોપ પર ટાઈપ કરીને બોર્ડની પરીક્ષા આપી આત્મનિર્ભરતા અને આત્મવિશ્વાસનો સંદેશ આપ્યો છે.

સામાન્ય રીતે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન લેખન માટે રાઈટરની મદદ લેતા હોય છે, પરંતુ રુકસારે પરંપરાગત પદ્ધતિથી અલગ રસ્તો પસંદ કર્યો. આધુનિક ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ અને દ્રઢ મનોબળના બળે તેણે પોતે જ પ્રશ્નપત્રના જવાબો ટાઈપ કરી પરીક્ષા આપી. આ સાથે તેણે સાબિત કર્યું કે દ્રષ્ટિની ખામી શિક્ષણમાં અવરોધ બની શકતી નથી. વિશેષ નોંધનીય બાબત એ છે કે સમગ્ર ગુજરાતમાં સતત ત્રીજા વર્ષે કોઈ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીનીએ પરંપરાગત પદ્ધતિને બદલે ટેકનોલોજીના માધ્યમથી બોર્ડ પરીક્ષા આપી છે. આ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ખાસ મંજૂરી આપવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથસિંહ પરમાર, ઝોનલ અધિકારી પ્રજ્ઞેશભાઈ અને નિહારિકાબેનના સતત માર્ગદર્શનથી સમગ્ર પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થઈ શકી.

## સંક્ષિપ્ત સમાચાર

### બાલાજી રોડ ખાતે આવેલા શ્રી બાલાજી ભગવાનનો પાટોત્સવ ઉજવાશે



સુરતઃ બાલાજી રોડ ખાતે આવેલા પ્રસિધ્ધ બાલાજી મંદિરનો વિક્રમ સંવત 2082 ફાગણ સુદ તેરસ તા.01/03/2026 ના રોજ રવિવારે બાલાજી ભગવાનનો પાટોત્સવ ઉજવાશે. જે અંતર્ગત યોજાયેલ કાર્યક્રમોમાં સવારે 9:30 કલાકે કેસર સ્નાન ત્યા સવારે 8:30 થી 12:30 સુધી શણગારના દર્શન તેમજ સાંજે 5:00 વાગ્યે બાલાજી ભગવાનના ફુલ મંડળીના દર્શન થશે. આથી સર્વે ભાવિ ભક્તોને દર્શનનો લાભ લેવા વિનંતી છે.

### સ્ટેટ આર્મ રેસ્ટલિંગ ચેમ્પિયનશિપમાં પરી કહારે સિલ્વર મેડલ મેળવ્યો



સુરતઃ મંછરપુરા, મનપાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે ગત તા.1લી ફેબ્રુઆરીના રોજ યોજાયેલી 'ગુજરાત સ્ટેટ આર્મ રેસ્ટલિંગ ચેમ્પિયનશિપ-2026માં અલગ અલગ જિલ્લાના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં પરી કહારે ૫૦ કિ.ગ્રામાં જમણાં હાથની કુસ્તી ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. તેમણે પ્રિન્સ કહાર પાસેથી તાલીમ લીધી હતી. તેમને સિદ્ધી બદલ વનિતા વિશ્રામ શાળાના આચાર્ય, શિક્ષકોએ તેમજ શાળાના અન્ય સભ્યોએ શુભેચ્છા પાઠવી હતી.

### ICAI સુરત બ્રાન્ચના વર્ષ 2026-27 માટે સીએ રાહુલ અગ્રવાલ પ્રમુખ નિયુક્ત



સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઇન્ડિયાની સુરત બ્રાન્ચ ખાતે વર્ષ 2026-27 માટે મેનેજમેન્ટ કમિટીના હોદ્દેદારોની નિમણૂક તા. 26મી ફેબ્રુઆરીના રોજ ICAI સુરત ભવન ખાતે કરવામાં આવી હતી. નવા પ્રમુખ તરીકે સીએ રાહુલ અગ્રવાલની નિમણૂક કરવામાં આવી છે. ઉપરાંત વાઇસ ચેરમેન તરીકે સી.એ. શૈલેષ લાખનકિયા, વિકાસા સુરત ચેરમેન તરીકે સી.એ. પ્રિતેશ શાહ, સેક્રેટરી તરીકે સી.એ. ચિમ્પુ લાપસીવાળા અને ટ્રેઝરર તરીકે સી.એ. પ્રશાંત વેકરીયાની નિમણૂક કરવામાં આવી છે. આ પ્રસંગે સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર સી.એ. જય છેરા તથા રીજનલ કાઉન્સિલ મેમ્બર સી.એ. ઈશ્વર જીવાનીએ નવા હોદ્દેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી.

### સિંધી સમાજ દ્વારા તા.4થીના રોજ અઠવા પાર્ટી પ્લોટમાં હોલી ઉજવાશ

સુરતઃ પૂજ સુરત સિંધી પંચાયતના કારોબારી સભ્ય મુરલીધર લીલાણી યાદીમાં જણાવે છે કે પૂજ સુરત સિંધી પંચાયત, સુરત સિંધી કલોથ એસોસિયેશન, સિંધૂ સેવા સમિતિ, ઝુલેલાલ સિંન્ધુ સેવા યાત્રા સમિતિ ટ્રસ્ટ સાથે તા. ૦૪-૦૩-૨૦૨૬, બુધવારના રોજ સવારે ૧૦ થી ૨, અઠવા પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની પાસે, મોટા ડોમમાં, હોલી ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. પંચાયતના મંત્રી ઘનશ્યામભાઇ ખટ્ટર વધુમાં જણાવે છે કે ગોધરાના વિનોદ વીરવાની મ્યુઝિકલ પાર્ટી અને ભાવનગરના જેકી વાધવાની (મંકી મેન) કોમેડીયન રંગારંગ કાર્યક્રમ કરશે. સાથે ડોમમાં રેન વોટર મ્યુઝિકલ સાથે લોકો ઉત્સવ ડાન્સ કરશે. જેમાં નાસ્તાની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

### પ્રાર્થના સંઘમાં શનિવારે પ્રો. હેમંતકુમાર શાહનું વ્યાખ્યાન યોજાશે

સુરતઃ પ્રાર્થના સંઘ અને સર્વોદય મિત્રમંડળ, સુરતના સંયુક્ત ઉપક્રમે "ગાંધીવિચાર-વર્તુળ"ના નેજા હેઠળ ગાંધીવિચારને કેન્દ્રમાં રાખી પ્રાર્થનાસંઘમાં દર મહિનાના છેલ્લા શનિવારે સાંજે ૫ થી ૭ વાગ્યા દરમ્યાન યોજાતા જુદા જુદા વક્તાઓના વ્યાખ્યાનોમાં હવે આગામી તા. ૨૮-૦૨-૨૦૨૬ના રોજ શનિવારે સાંજે ૫ થી ૭ વાગ્યા દરમ્યાન પ્રાર્થના સંઘમાં પ્રો. હેમંતકુમાર શાહનું "ગાંધીનું સ્વદેશી અને આત્મનિર્ભર ભારત' વિષય પર વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે તેમ પ્રાર્થનાસંઘ દ્વારા જણાવાયું છે.

### આઠમાં પગાર પંચ માટેના સૂચનો મોકલો: સુરત જિ. પેન્શનર્સ એસો.

સુરતઃ સુરત જિલ્લા પેન્શનર્સ એસોસિએશનના સભ્યોને જાણ કરવાની આઠમાં પગાર પંચ માટે કોઇ સૂચન હોય તો બે કોપીમાં લેખિત તા. ૫-૩-૨૬ પહેલા લખીને મોકલે. જે સભ્યોએ ડિરેક્ટરી બૂક, સીનિયર સિટિઝન મળતા લાભ અને કેલેન્ડર ન મેળવું હોય તે તાત્કાલિક ઓફિસમાંથી મેળવી લે. નવા બનનાર સભ્યોને ટ્રાવેલિંગ બેગ આપવામાં આવશે. તા.૧૫-૩-૨૬ પહેલા તમામ વસ્તુ મેળવી લેવી.

### નિવૃત્ત થતા સફાઈ કામદારોનું સન્માન પત્ર આપી માનભેર વિદાય કરો: સંઘ

સુરતઃ સુરત મહાનગરપાલિકાને સ્વચ્છતા સર્વેક્ષણમાં દેશમાં પ્રથમ ક્રમે લાવવામાં પાયાના સફાઈ કામદારો અને બેલદારોનો સિંહફાળો રહ્યો છે ત્યારે સુરત મહાનગર પાલિકા મઝદૂર સંઘ (BMS) દ્વારા રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીને પત્ર લખીને એવી રજૂઆત કરવામાં આવી છે કે, વય નિવૃત્ત થનાર તમામ સફાઈ કામદાર ભાઈઓ અને બહેનોને સુરત મહાનગરપાલિકા તરફથી પુષ્પગુચ્છ અને સન્માન પત્ર આપીને માનભેર વિદાય આપવામાં આવે. આ પ્રકારના સન્માનથી સફાઈ કામદારોમાં ગૌરવની લાગણી જન્મે અને તેમની વર્ષોની નિષ્ઠાને યોગ્ય વાચા મળી શકે તે માટે રાજ્ય કક્ષાએથી ઘટતી કાર્યવાહી કરવા અનુરોધ કરાયો છે.

### સાર્વજનિક યુનિ.ના મિતરાજ ડિપાર્ટ.માં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરાયું



સુરતઃ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીનાં ચેરમેન આશિષ વકીલ, પ્રિન્સિપાલ અને કોન્ફરન્સના અધ્યક્ષ તેમજ પ્રો વોસ્ટ ડો. કિરણ પંડ્યાના કહેવા મુજબ, આર્કિટેક્ચર, ઇન્ટિરિયર ડીઝાઈન, ફાઇન આર્ટ્સ અને પ્લાનિંગનાં કોર્ષો સાથેની ગુજરાતની પ્રથમ કક્ષાની ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટ- મિતરાજ ડિપાર્ટ. તા. ૨૫,૨૬ અને ૨૭ ફેબુઆરી-2026 દરમ્યાન એક મલ્ટિડિસ્પ્લિનરી બહુવિષયક આંતર-રાષ્ટ્રીય કોન્ફરન્સ "Designing Identities: Intersections of Art, Architecture, Culture, Religion, Science, Technology & Society"નું આયોજન કરાયું છે. પ્રથમ બે દિવસો દરમ્યાન, યુરોપના વિવિધ છ દેશોથી આવેલાં, દશ વક્તાઓએ પોતાનાં કલા, સ્થાપત્ય, સંસ્કૃતિ અને ધર્મ પર વૈશ્વિક દ્રષ્ટિકોણો રજૂ કર્યા હતા.